# કેસીજી ખાતે કાર્યરત વિવિધ ઈનીશીએટીવ અંગેની સિદ્ધિઓ

| યોજનાનું નામ | ટૂંકી સમજુતી |
| --- | --- |
| શોધ (ScHeme Of Developing High quality research) યોજના (અમલીકરણ વર્ષ ૨૦૧૯) | • રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તાયુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા માટે SHODH (ScHeme Of Developing High quality research) યોજના શરૂ કરવામાં આવેલ છે.<br>• જે વિદ્યાર્થીઓએ ગુજરાત રાજ્યમાં આવેલી માન્ય સરકારી, સેકટોરલ અથવા ખાનગી યુનિવર્સિટી અથવા રીસર્ચ સંસ્થા ખાતે પી.એચ.ડી. કોર્સમાં રેગ્યુલર ફુલ ટાઈમ મોડમાં તા.૦૧/૦૭/૨૦૧૮ પછી પ્રવેશ મેળવેલ હોય અને ઠરાવની અન્ય શરતો સંતોષતા હોય તેઓ લાભ મેળવવાપાત્ર છે.<br>• આ માટે સ્ટાઇપેન્ડ પેટે પ્રતિ વિદ્યાર્થી માસિક રૂ. ૧૫,૦૦૦=૦૦ (અંકે રૂ.પંદર હજાર પૂરા) અને અન્ય ખર્ચ પેટે રૂ. ૨૦,૦૦૦ લેખે બે વર્ષ માટે મળવાપાત્ર છે.<br>• શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ અંતર્ગત આ યોજના માટે રૂ. ૨૦ કરોડનું અનુદાન ફાળવવામાં આવેલ હતું.<br>• આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૯-૨૦ માટે ૭૫૪ વિદ્યાર્થીઓની અરજીઓ કેસીજીની સ્કુટીની સમિતિ દ્વારા મંજુર કરવામાં આવેલ છે. જેઓને અત્યાર સુધીમાં કુલ ૭૫૪ વિદ્યાર્થીઓને કુલ રકમ રૂ. ૧૬.૪૬ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે.<br>• આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૦-૨૧ માટે રૂ. ૨૦ કરોડનું અનુદાન મંજુર થયેલ છે.<br>• વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ ૧૬૪૮ નવી અરજીઓ રજીસ્ટર્ડ થયેલ છે. જેમાંથી ૧૨૬૬ અરજીઓ સંબંધિત યુનિવર્સીટી દ્વારા વેરિફાઈ કરી કેસીજી કચેરી ખાતે મોકલવામાં આવેલ છે. જેની સ્કૂટિની સમિતિની કામગીરી પૂર્ણ થયેલ છે. મંજૂરી મળ્યા પછી પરિણામ જાહેર કરવામાં આવશે. |

| | |
|---|---|
| મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) (અમલીકરણ વર્ષ ૨૦૧૫) | • ગુજરાત રાજ્યના તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે જરૂરી આર્થિક સહાય પુરી પાડવાનો આશય છે.<br>• આ યોજના હેઠળ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને ટ્યુશન ફી સહાય, રહેવા-જમવા માટેની સહાય, અને સાધન-પુસ્તક સહાય પૂરી પાડવામાં આવે છે.<br>• શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ૫૩,૫૭૨ વિદ્યાર્થીઓને રૂ.૨૪૮.૨૬ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે. ૧૦૦% ચુકવણી કરવામાં આવેલ છે.<br>• આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૨,૭૪,૯૫૬ વિદ્યાર્થીઓને કુલ રકમ રૂ.૧૧૪૭.૫૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે. |
| માન.મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ (MKKN) (અમલીકરણ વર્ષ ૨૦૧૭-૧૮) | • મેડીકલ અભ્યાસક્રમમાં વધુમાં વધુ તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીનીઓ જોડાય તે હેતુથી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રૂ.૨ લાખની સહાય ઉપરાંત "માન. મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ" અંતર્ગત વધારાની રૂ.૪ લાખની સહાય પૂરી પાડવામાં આવે છે.<br>• શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ૨૯૧૦ વિદ્યાર્થીનીઓને રૂ.૮૦.૬૪ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે.૧૦૦% ચુકવણી કરવામાં આવેલ છે.<br>• આ યોજના અંતર્ગત આજ દિન સુધી કુલ ૮,૩૧૬ વિદ્યાર્થીનીઓને કુલ રકમ રૂ.૧૯૬.૪૫ કરોડની ચુકવણી કરવામાં આવી છે. |
| માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના (CMSS) (અમલીકરણ વર્ષ ૨૦૧૭) | • વર્ષ ૨૦૧૭ થી ગુજરાત રાજ્યના ૫૦% થી ઓછો મહિલા સાક્ષરતા દર ધરાવતા તાલુકાઓની શાળાઓની કન્યાઓ, શહીદ જવાનોના સંતાનો, શ્રમિક વાલીના બાળકો, ૪૦% થી વધુ વિકલાંગતા ધરાવતા વાલીના બાળકો અથવા પોતે, વિધવા/ડીવોર્સી/ત્યકતા મહિલાના બાળકો, અનાથ બાળકો; કે જેઓ ધો-૧૨ની પરીક્ષા પાસ કરી ઉચ્ચ અભ્યાસક્રમ અર્થે મેરિટનાં આધારે આર્થિક સહાય પુરી પાડવા માટે "માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના" અમલમાં મુકવામાં આવી છે.<br>• શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન ૪૨૬ વિદ્યાર્થીઓને રૂ.૩.૪૫ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે.૧૦૦% ચુકવણી કરવામાં |

| | |
|---|---|
| | આવેલ છે.<br>• આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કૂલ ૭,૬૫૮ વિદ્યાર્થીઓને કુલ રકમ રૂ.૪૩.૩૩ કરોડની સહાયની ચુકવણી કરવામાં આવી છે. |
| એજ્યુકેશન લોન પર વ્યાજ સબસીડી યોજના (ISEL) (અમલીકરણ વર્ષ ૨૦૧૭) | • "મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના" ઉપરાંત તેનાથી વંચિત રહેલ દેશ અને વિદેશમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને Moratorium period (અભ્યાસક્રમના સમયગાળા તથા વધુ એક વર્ષ સુધી) માટે એજ્યુકેશન લોન ઉપર ૧૦૦% વ્યાજ સબસીડી મળવાપાત્ર છે.<br>• જે વિદ્યાર્થીએ ધોરણ ૧૨ની પરીક્ષા ૬૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ સાથે પાસ કરેલ હોય, અને તેના કુટુંબની વાર્ષિક આવક રૂ.૬.૦૦ લાખ સુધીની હોય તથા તેણે ઉચ્ચ અભ્યાસ અર્થે શિડ્યુલ્ડ બેંક પાસેથી એજ્યુકેશન લોન તા.૦૪/૦૭/૧૭ પછી લીધેલ હોય તેઓને મળવાપાત્ર છે.<br>• વિદ્યાર્થીને રૂ.૧૦ લાખ સુધીની લોન પરનું વ્યાજ સબસીડી તરીકે મળવાપાત્ર છે. દર વર્ષે તા.૩૧મી માર્ચને અંતે લોન પરના વ્યાજની રકમ સીધી વિદ્યાર્થીઓમાં લોન ખાતામાં જમા કરવામાં આવે છે.<br>• જે અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૬૪૬ વિદ્યાર્થીઓને કુલ રકમ રૂ.૨.૫૭ કરોડની સહાયની ફાળવણી કરવામાં આવી છે. |
| નમો ઈ-ટેબ્લેટ (અમલીકરણ વર્ષ ૨૦૧૭) | • વિદ્યાર્થીઓ ટેક્નોલોજીનો ઉચ્ચ અભ્યાસક્રમ માટે સારી રીતે ઉપયોગ કરી શકે અને તેમના શૈક્ષણિક હેતુઓને સિધ્ધ કરવા ટેબલેટનો ઉપયોગ કરી શકે તે હેતુથી ધોરણ-૧૨ની માન્ય બોર્ડની પરીક્ષા ઉત્તીર્ણ કરેલ હોય અને ગુજરાત રાજ્યમાં માન્ય યુનિવર્સિટીમાં સ્નાતક અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવેલ હોય તેઓને વૈશ્વિક બ્રાન્ડના ટેબ્લેટ રૂ. ૧૦૦૦/-ના ટોકન દરે ફાળવવામાં આવે છે.<br>• આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૮,૬૪,૫૨૮ નમો ઈ-ટેબ્લેટ ફાળવવામાં આવેલ છે. |
| નમો વાઈફાઈ પ્રોજેક્ટ (અમલીકરણ વર્ષ ૨૦૧૭-૧૮) | • ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓને ઈન્ટરનેટની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. આ સુવિધા ડિજિટલ એજ્યુકેશન ડેવલોપમેન્ટ ફંડ (DEDF) અંતર્ગત કરવામાં આવે છે. |

| | |
|---|---|
| | • ૨૧૬ સરકારી અને અનુદાનિત ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની કોલેજો અને 03 યુનિવર્સીટીઓમાં NAMO Wi-Fiની સુવિધા ભારતીય સંચાર નિગમ લિમિટેડ (BSNL) મારફત પૂરી પાડવામાં આવી રહેલ છે.<br>• NAMO Wi-Fi નો ઉપયોગ વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે કરી શકે અને ઈન્ટરનેટની સુવિધાથી વિદ્યા અભ્યાસની તમામ પ્રકારની માહિતી મેળવી શકે છે. આ ઉપરાંત ઈન્ટરનેટની મદદથી તેઓ શિક્ષણને અનુરૂપ વિડિઓ જોઈ શકે છે અને વિવિધ પ્રકારની તમામ માહિતી પોતાના ટેબલેટ, મોબાઇલ અને લેપટોપમાં મેળવી શકે છે. |
| ફીનીશીંગ સ્કુલ (અમલીકરણ વર્ષ ૨૦૧૬-૧૭) | • ફીનીશીંગ સ્કુલ તાલીમનો ઉદ્દેશ્ય સોફ્ટસ્કીલ, એમ્પ્લોયબીટી સ્કીલ તથા સ્પોકન ઈંગ્લીશની કૌશલ્યવર્ધક તાલીમ આપીને રાજ્યના વિદ્યાર્થીઓમાં નોકરી મેળવવાની ક્ષમતામાં વધારો કરવાનો છે.<br>• વર્ષ ૨૦૧૬ થી વર્ષ ૨૦૨૦ દરમિયાન ફીનીશીંગ સ્કુલ કુલ ૩૭૧ કોલેજોમાં કાર્યરત છે. આ માટે કોલેજોને અત્યાર સુધીમાં કુલ રકમ રૂ. ૩૬.૮૮ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.<br>• અત્યાર સુધીમાં કુલ ૫૬,૩૬૧ થી વધુ વિદ્યાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે. |
| પ્લેસમેન્ટ | • વિદ્યાર્થીઓને તેઓના કૌશલ્ય અને લાયકાત અનુસાર રોજગારીની પ્રાપ્તિ થાય તે માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. આ હેતુને સાર્થક કરવા માટે શિક્ષણ વિભાગ, ગુજરાત દ્વારા અલગ અલગ જીલ્લામાં દર વર્ષે પ્લેસમેન્ટ વીકનું આયોજન કરવામાં આવે છે.<br>• તા.૦૯-03-૨૦૨૧ થી તા.૨૫-03-૨૦૨૧ સુધીમાં ૨૮ પ્લેસમેન્ટ કેમ્પનું આયોજન થયેલ છે જેની વિગતવાર માહિતી નીચે મુજબ છે:<br>o ભાગ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા: ૧૯,૦૯૫<br>o ભાગ લીધેલ કંપનીની સંખ્યા: ૪૭૫<br>o વિદ્યાર્થીઓના ઇન્ટરવ્યુની સંખ્યા: ૨૯,૬૬૨<br>o રોજગારીની તક પ્રાપ્ત થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા: આશરે ૧૪,૭૭૭ જેટલા |
| રૂસા (રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન) | • ભારત સરકાર દ્વારા 3 ઓક્ટોબર, ૨૦૧૩ના રોજ રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન તરીકે ઓળખાતી કેન્દ્રીય પુરસ્કૃત યોજના શરુ |

| | |
|---|---|
| | કરવામાં આવેલ છે.<br>• જેનો ઉદ્દેશ ઉચ્ચ શિક્ષણની ગુણવત્તામાં સુધારો કરવો, લાભાર્થી સંસ્થાઓના ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સુધારો કરવો તથા નવું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવું, લાભાર્થી સંસ્થાઓમાં ઇકવલ ઓપોર્ચ્યુનિટી સેલનું નિર્માણ કરવું તથા દરેક વર્ગના વિધાર્થીઓમાં સમાન તક પૂરી પાડવી, લાભાર્થી સંસ્થાઓની ફેકલ્ટી અને સ્ટાફને શિક્ષણ લક્ષી તાલીમ પૂરી પાડવી અને સંસ્થાઓના વિધાર્થીઓને NSDC માન્ય ટ્રેનીંગ પાર્ટનર્સ દ્વારા વ્યવસાયલક્ષી કોર્ષની તાલીમનો લાભ અપાવવો વગેરેનો છે.<br>• રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન (RUSA) અંતર્ગત કુલ અનુદાનમાંથી કેન્દ્ર સરકારનો ફાળો ૬૦% અને રાજ્ય સરકારનો ફાળો ૪૦% નક્કી કરવામાં આવેલ છે.<br>• RUSA 1.0 અંતર્ગત ગુજરાત રાજ્યની ૨૨૭ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ માટે રૂ.૨૧૪ કરોડના અનુદાન તથા RUSA 2.0 અંતર્ગત રાજ્યની ૪૯ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ માટે રૂ.૧૬૦ કરોડનું અનુદાન મંજુર થયેલ છે. |
| ઓલ ઇન્ડિયા સર્વે ઓન હાયર એજ્યુકેશન (AISHE) | • શિક્ષણ મંત્રાલય (ઉચ્ચ શિક્ષણ વિભાગ)- દિલ્હી દ્વારા ઓલ ઇન્ડિયા સર્વે ઓન હાયર એજ્યુકેશન (AISHE) યોજના વર્ષ ૨૦૧૦-૧૧થી કાર્યાન્વીત છે. આ યોજના મુજબ દેશની ઉચ્ચ શિક્ષણની તમામ સંસ્થાઓ/ કોલેજો/ યુનિવર્સીટીઓની માહિતી ઓનલાઈન એકત્ર કરવામાં આવે છે. અને મેળવેલ માહિતી રીપોર્ટના સ્વરૂપે ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ માટે "AISHE સ્ટેટ યુનિટ – ગુજરાત" કેસીજી કચેરી ખાતે કાર્યરત છે.<br>• ગુજરાત રાજ્યમાં તમામ (૧૦૦%) શૈક્ષણિક સંસ્થાનું રજીસ્ટ્રેશન થયેલ છે. તે તમામ સંસ્થાઓના ડેટા ઓનલાઈન મેળવાય છે. ૧૦૦% કામગીરી કરનાર આ એકમાત્ર રાજ્ય છે.<br>• છેલ્લા પાંચ વર્ષથી ministry of education દ્વારા "બેસ્ટ પરફોર્મિંગ સ્ટેટ" તરીકે એવોર્ડ આપવામાં આવે છે.<br>લાભ:<br>• મેળવેલ ડેટા દ્વારા રિપોર્ટ તૈયાર થાય છે, જેનો આયોજન અને નીતિ |

| | |
|---|---|
| | ઘડતરમાં ઉપયોગ થાય છે. સચોટ ડેટાનાં આધારે તૈયાર થતી યોજનાઓ પણ વાસ્તવિક હોય છે અને અમલ પણ ઝડપી થાય છે.<br>• દરેક સંસ્થાને યુનિક કોડ આપવામાં આવ્યા છે, જેના આધારે ડીઝીટલ પોર્ટલ પર યોજના કાર્યાન્વિત થાય છે, ભૂલ કે ભ્રષ્ટાચારને ઘટાડી શકાયા છે. વિદ્યાર્થીઓને સરળતાથી લાભ પહોચાડી શકાય છે. ભૂતિયા કે બેવડી સ્કોલરશીપ મેળવતા વિદ્યાર્થી દુર કરાયા છે. અમાન્ય સંસ્થાઓ દુર થઇ છે.<br>• મેળવેલ માહિતીને આધારે તમામ સસ્થાઓનું જીઓગ્રાફિકાલ મેપિંગ કરવામાં આવ્યું છે, જે ડેડીકેટેડ પોર્ટલ www.gemhe.gov.in પર પબ્લિક ડોમેનમાં ઉપલબ્ધ છે,<br>• આ માહિતીનો સંશોધન, નવી કોલેજની સ્થાપના, કોલેજની જરૂરિયાત, એરિયા સસ્ટેનીબિલીટીનાં મુલ્યાંકન વગેરે માટે ઉપયોગી સાબિત થયું છે. વિદ્યાર્થીઓને કોલેજ પસંદગીમાં ઉપયોગી રહ્યું છે. ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે આ પ્રયત્ન કરનાર ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય છે.<br>• જુલાઈ ૨૦૨૦માં ગુજરાત રાજ્યની તમામ સંસ્થાઓનું સફળતાપૂર્વક ભૌગોલિક મેપિંગ કરવા બદલ ૬૬મી સ્કોચ સમીટ – ઇન્ડિયા રિસ્પોન્સ– કોવીડ એન્ડ ગવર્નન્સ તરફથી "ઓર્ડર ઓફ મેરીટ"નું સર્ટીફીકેટ મળે છે.<br>• CM Dashboard પર સમગ્ર ગુજરાત રાજ્યની ઉચ્ચ શિક્ષણની માહિતી આ પોર્ટલ પરથી જ અપડેટ કરવામાં આવે છે. જે માટે CM Dashboard તરફથી ૭ માંથી ૭ સ્ટારનું રેટિંગ મળે છે. |
| ગુજરાત સ્ટેટ ઇન્સ્ટીટયુશનલ રેટિંગ ફ્રેમવર્ક (GSIRF) (અમલીકરણ વર્ષ ૨૦૧૮ - ૧૯) | • શિક્ષણ મંત્રાલય (ઉચ્ચ શિક્ષણ વિભાગ) દ્વારા દેશની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓને રેન્ક આપવા માટે નેશનલ ઇન્સ્ટીટયુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF) ની શરૂઆત કરવામાં આવેલ છે.<br>• જેના આધારે ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં આવેલી યુનિવર્સિટીઓ અને કોલેજોના રેટિંગ આપવા ગુજરાત સ્ટેટ ઇન્સ્ટીટયુશનલ રેટિંગ ફ્રેમવર્કની શરૂઆત કરવામાં આવેલ છે.<br>• આ કાર્યક્રમ અંતર્ગત ચેન્નાઈ સ્થિત Indian Centre for Academic Rankings & Excellence (ICARE) એજન્સીને નિયુકત કરવામાં |

| | |
|---|---|
| | આવેલ છે.<br>• શૈક્ષણિક સંસ્થાઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ રેન્કિંગમાં સુધારો લાવવા માટે એજન્સી દ્વારા વર્કશોપ યોજી જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે.<br>• વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન રાજ્યની ૨૧ યુનિવર્સિટીઓ અને ૫૫ જેટલી કોલેજોનું રેટિંગ કરવામાં આવેલ હતું.<br>• વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન રાજ્યની ૨૯ યુનિવર્સિટીઓ અને ૧૦૧ જેટલી કોલેજોનું રેટિંગ કરવામાં આવેલ હતું.<br>• વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન રાજ્યની ૩૫ યુનિવર્સીટીઓ અને ૧૮૯ જેટલી કોલેજોનું રેટિંગ કરવામાં આવેલ છે. વધુમાં ગત વર્ષ કરતાં નવી ૦૯ યુનિવર્સીટીઓ અને ૮૮ કોલેજો દ્વારા ભાગ લેવામાં આવેલ હતો. |
| Five Year Action Plan (અમલીકરણ વર્ષ ૨૦૧૯) | • ગુજરાત રાજ્યની સરકારી યુનિવર્સીટીઓમાં શિક્ષણનું સ્તર ઊંચું આવે, શિક્ષણની ગુણવત્તામાં સુધારો થાય, શિક્ષણમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ થાય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ યુનિવર્સીટીઓની પ્રતિષ્ઠા રેન્કમાં વધારો થાય તથા સરકારી યુનિવર્સીટીઓ દેશની પ્રતિષ્ઠિત ખાનગી સંસ્થાઓ સાથે હરીફાઈ કરી શકે તે માટે રાજ્યની તમામ સરકારી યુનિવર્સીટીઓ માટે નિર્ધારિત માપદંડને આધારે વિવિધ તબક્કામાં આગામી પાંચ વર્ષ માટે એક્શન પ્લાનનું વર્ષ ૨૦૧૯થી અમલીકરણ કરવામાં આવેલ છે.<br>• આ યોજનામાં ગુજરાત રાજ્યની તમામ સરકારી યુનિવર્સીટીઓ દ્વારા આગામી પાંચ વર્ષ માટે 5 Year Action Plan પોર્ટલ પર લક્ષ્યાંકમાં માપદંડની માહિતી અપલોડ કરવામાં આવી છે. અને યુનિવર્સીટીઓ તેને આગામી પાંચ વર્ષ સુધીમાં હાંસલ કરવાનો પ્રયાસ કરશે. |
| ડીજીટલ એજ્યુકેશન ડેવલોપમેન્ટ ફંડ (DEDF) | • વર્ષ ૨૦૧૭-૧૮ થી ધોરણ-૧૨ અથવા ધોરણ-૧૦ની માન્ય બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર અને ગુજરાત રાજ્યમાં માન્ય યુનિવર્સીટીમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના અથવા AICTE માન્ય ડીપ્લોમાં અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને રૂ.૧૦૦૦/-ના ટોકન દરે ટેબલેટ આપવામાં આવે છે. જે રકમ રૂ.૧૦૦૦/-ના ટોકન એકત્રીત થઈ બનતા ફંડને ડીજીટલ એજ્યુકેશન |

| | |
|---|---|
| | ડેવલોપમેન્ટ ફંડ (DEDF) નામ આપવામાં આવેલ છે.<br>• DEDF અંતર્ગત ચાલતા ઈનીશીએટીવ:<br>I. નમો વાઈફાઈ<br>II. MATLAB અને ANSYS સોફ્ટવેર<br>III. મોબાઇલ એટેન્ડન્સ સીસ્ટમ<br>IV. ડીજીટલ સુવિધા માટે DEDF ગ્રાન્ટની ફાળવણી<br>• કોલેજોમાં ડીજીટલ સુવિધા જેવી કે, વેબકેમ, ઈન્ટરેકટીવ પેડ, માઈક્રોફોન, ઈન્ટરનેટની સુવિધા અને અન્ય આનુસાંગિક સાધનોની ખરીદી માટે સરકારી અને અનુદાનિત કોલેજોને કુલ રકમ રૂ.૫૦,૦૦૦ની ગ્રાન્ટ ફાળવેલ છે.<br>સિદ્ધિઓ:<br>• ગુજરાત રાજ્યની ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની ૩૭૦ સરકારી અને અનુદાનિત કોલેજોને રૂ. ૫૦,૦૦૦ની ગ્રાન્ટ ફાળવેલ છે. આમ, કુલ ૧,૮૫,૦૦,૦૦૦ ગ્રાન્ટની ફાળવણી કરેલ છે. |
| MATLAB અને ANSYS સોફ્ટવેર | • મીકેનીકલ અને ઇલેક્ટ્રિકલ એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓના પ્રેક્ટીકલની પ્રેક્ટીસ માટે સરકારી ટેકનીકલ કોલેજોમાં MATLAB અને ANSYS સોફ્ટવેર ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.<br>• જેને અનુસંધાને રાજ્યની ૧૬ સરકારી તકનીકી કોલેજોમાં MATLAB સોફ્ટવેર અને ૧૫ સરકારી કોલેજોમાં ANSYS સોફ્ટવેર શૈક્ષણિક હેતુથી ડીજીટલ એજ્યુકેશન ડેવલોપમેન્ટ ફંડ (DEDF) હેઠળ ઉપલબ્ધ કરવવામાં આવેલ છે. |
| મોબાઈલ બેઝ્ડ એટેન્ડન્સ સિસ્ટમ (MAS) | • વર્તમાન સમયમાં ડીજીટલ ઈન્ડિયાનાં ભાગ સ્વરૂપે શિક્ષણ ક્ષેત્રે ઇન્ફોર્મેશન ટેકનોલોજીનો કોલેજ તથા યુનિવર્સીટીનાં શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા મહતમ ઉપયોગ થાય તે હેતુ થી ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા હાલમાં મોબાઈલ આધારિત એટેન્ડન્સ સિસ્ટમ (MAS App.) નું અમલીકરણ કેસીજી અમદાવાદ ખાતે થઈ રહ્યું છે. વિદ્યાર્થીઓની સંસ્થામાં સતત હાજરી સુનિશ્ચિત થાય તે આ સિસ્ટમનો અગત્યનો હેતુ છે.<br>• સરકારી એમ.સી.એ. કોલેજ મણીનગરનાં વિદ્યાર્થીઓ દ્વારા સ્ટાર્ટ-અપ પ્રોજેક્ટ અંતર્ગત મોબાઈલ આધારિત એટેન્ડન્સ સિસ્ટમ (MAS App.)ની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ આ પ્રોજેકટને સમગ્ર રાજ્યની સરકારી યુનિવર્સીટીઓ, સરકારી ઉચ્ચ, ટેકનીકલ |

| | |
|---|---|
| | તથા બિનસરકારી અનુદાનિત કોલેજોમાં અમલીકરણ માટે શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય પ્રયત્નશીલ છે.<br>• આ એપને સી.એમ. ડેશબોર્ડ સાથે લિંક કરી દેવામાં આવેલ છે જેથી એપ દ્વારા રેકોર્ડ કરાતો રોજનો ડેટા મુખ્યમંત્રીશ્રીનાં ડેશબોર્ડ પર ઓન લાઈન ઉપલબ્ધ થાય છે.<br>• આ યોજના અંતર્ગત સરકારી ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણની ૧૫૯ અને અનુદાનિત ઉચ્ચ શિક્ષણની ૨૧૮ કોલેજોમાં તેમજ ૦૮ યુનિવર્સીટીઓમાં અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. |
| NAAC/NBA એક્રેડિટેશન | • "રાષ્ટ્રીય મૂલ્યાંકન અને માન્યતા કાઉન્સીલ" (NATIONAL ASSESSMENT AND ACCREDITATION COUNCIL) ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓને ગુણવતા ગુણાંકન માન્યતા આપે છે.<br>• રાજ્યની ઉચ્ચ શિક્ષણ ની સંસ્થાઓ/કોલેજો/યુનિવર્સીટીઓમાં નિર્ધારિત ગુણવત્તા પ્રાપ્ત થાય અને રાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત થાય તે માટેની પ્રક્રિયા અને પધ્ધતિથી વાકેફ કરવા અને લક્ષાંક પ્રાપ્તિ માટે માર્ગદર્શન અને સહકાર આપવામાં આવે છે.<br>• NAAC માટેની માહિતી ગુજરાતની તમામ કોલેજોને મળી રહે તે માટે કેસીજી ખાતે નેકને લગતા વર્કશોપનું આયોજન કરવામાં આવે છે. |
| સ્ટડી ઇન ગુજરાત (SIG) (અમલીકરણ વર્ષ ૨૦૧૯) | • શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા ભારતના શિક્ષણના કેન્દ્ર તરીકે ગુજરાતને વિકસાવવા તેમજ શિક્ષણની તકો અને ફાયદા વિશે જાગૃતિ લાવવાના હેતુથી "સ્ટડી ઇન ગુજરાત" અભિયાનની શરૂઆત કરવામાં આવેલ છે.<br>• જે અંતર્ગત ભારત અને વિશ્વમાંથી વિદ્યાર્થીઓને ગુજરાતની શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ મેળવવા આમંત્રિત કરવા માટે વર્ષ ૨૦૧૯થી આગામી ત્રણ વર્ષ માટે દર વર્ષે "સ્ટડી ઇન ગુજરાત કેમ્પેઈન" (SIG) કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે.<br>• આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ગુજરાત રાજ્યમાં શિક્ષણ માટે વર્ષ ૨૦૨૦ સુધીમાં ૫૦૦૦ અને વર્ષ ૨૦૨૨ સુધીમાં ૧૦૦૦૦ વિદેશના વિદ્યાર્થીઓને આકર્ષવાનું લક્ષ્ય છે.<br>• આ કેમ્પેઈન અંતર્ગત પ્રથમ વર્ષ ૨૦૧૯-૨૦માં ગુજરાત રાજ્યની ૨૨ |

| | |
|---|---|
| | યુનિવર્સિટીઓ અને ૦૪ કોલેજો દ્વારા ભાગ લેવામાં આવેલ હતો.<br>• રાજ્યમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન લગભગ ૩૦૦૦ વિદેશી વિદ્યાર્થીઓ ગુજરાતમાં અભ્યાસ અર્થે આવ્યા હતા. જેઓની સંખ્યામાં આ વર્ષે નોંધપાત્ર વધારો જોવા મળેલ છે. આ કેમ્પેઈનના સફળ પ્રયાસથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ ની તુલનામાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં લગભગ ૫૦૦૦ વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે.<br>• ગુજરાતમાં એવી કુલ ૬ યુનિવર્સીટીઓ છે જેમાં ૧૦૦ થી લઈને ૫૦૦ વિદેશી વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. તથા અન્ય મારવાડી યુનિવર્સીટી, PDPU, MSU- બરોડા, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી અને ગુજરાત યુનિવર્સીટીનો સમાવેશ થાય છે. |
| સપ્તધારા (Saptdhara) | • એક્સ્ટેન્શન પ્રકલ્પ હેઠળ સપ્તધારા પ્રવૃત્તિ કાર્યરત છે. આ પ્રકલ્પનો હેતુ ગુજરાત રાજ્યના ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા વિદ્યાથીઓનો સર્વાંગી વિકાસ કરવાનો, સર્જનાત્મકતામાં વધારો કરવાનો, વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવાનો, અને વિદ્યાર્થીઓમાં રહેલ સુષુપ્ત કળા, કૌશલ્યનો વિકાસ થાય તથા યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટેનો છે.<br>• વર્ષ ૨૦૨૦-૨૧ દરમિયાન કુલ રકમ રૂ.૧૦૦.૦૦ ની જોગવાઈ કરવામાં આવેલ હતી. જેને અનુસંધાને કુલ રકમ રૂ.૯૦.૯૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે, જેનો ૧૦૧ સરકારી કોલેજો દ્વારા લાભ લેવામાં આવેલ હતો.<br>• સપ્તધારા પ્રકલ્પ અંતર્ગત સાત ધારાઓનો સમાવેશ થાય છે.<br>1. જ્ઞાન ધારા (કાવ્ય પઠન, કાવ્ય લેખન અને સ્કીટ રાઈટીંગ) વગેરે.<br>2. સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા (વકૃત્વ સ્પર્ધા, શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા) વગેરે.<br>3. રંગ કલા-કૌશલ્ય ધારા (રંગોળી, મહેંદી, કૂકિંગ, ગારમેન્ટ ડિઝાઈનીંગ, ઝવેલેરી ડિઝાઈનીંગ, ઓન ધ સ્પોટ, પેઇન્ટિંગ, પોસ્ટર મેકિંગ, કારટુનીંગ, ક્લે મોડેલિંગ) વગેરે.<br>4. નાટ્ય ધારા (સ્કીટ, માઇમ) વગેરે. |

| | |
|---|---|
| | 5. ગીત-સંગીત નૃત્ય ધારા (લોક નૃત્ય, શાસ્ત્રીય નૃત્ય, સુગમ સંગીત, શાસ્ત્રીય સંગીત, લોક સંગીત, રોક બેન્ડ) વગેરે.<br>6. ખેલકૂદ વ્યાયામ-યોગ ધારા (ઇનડોર એન્ડ આઉટડોર ગેમ કોમ્પિટિશન, યોગ કોમ્પિટિશન, વિસરતી જતી રમતો જેમકે, લીંબુ – ચમચો, કોથળા દોડ) વગેરે.<br>7. સામુદાયિક સેવા ધારા (યોગા દિવસ, સ્વામી વિવેકાનંદ દિન ઉજવણી, મહિલા સશક્તિકરણ દિન ઉજવણી, ખાદી દિવસ ઉજવણી, સ્વચ્છતા પખવાડિયા દિવસ ઉજવણી.) વગેરે. |
| ઉદીશા (UDISHA): | • રાજ્યની ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે રોજગાર ક્ષમતા અને વિદ્યાર્થીઓના કૌશલ્યમાં વધારો થાય તે માટે ઉદીશા (UDISHA- Universal Development of Integrated Skills through Higher education Agencies) પ્રકલ્પ કાર્યરત છે. જેમાં કોલેજ કક્ષાએ વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન અને વિદ્યાર્થીઓની સોફ્ટ સ્કીલ વિકસે અને તેમની કૌશલ્ય ક્ષમતામાં વધારો થાય તેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.<br>• શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં ઉદીશા-પ્લેસમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત રૂ. ૩.૬૨ કરોડની જોગવાઈ કરવામાં આવેલ હતી. જે અંતર્ગત ફેબ્રુઆરીમાં સમગ્ર રાજ્યમાં કુલ ૩૦ સ્થળોએ પ્લેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેનાથી ૪૪૦ સરકારી કોલેજો અને અનુદાનિત કોલેજોના કુલ ૧૭,૧૪૮ વિદ્યાર્થીઓને અભ્યાસ પૂર્ણ કર્યા બાદ રોજગારી પ્રાપ્ત થશે.<br>• શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧માં ઉદીશા-પ્લેસમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત રૂ. ૩.૬૨ કરોડની જોગવાઈ કરવામાં આવેલ હતી. જે અંતર્ગત ૨૫,૦૦૦ વિદ્યાર્થીઓને રોજગારી પ્રાપ્ત થવાનો લક્ષાંક રાખવામાં આવેલ હતો. જેને અનુસંધાને ફેબ્રુઆરીમાં સમગ્ર રાજ્યમાં કુલ ૨૮ સ્થળોએ પ્લેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેનાથી ૩૧૧ સરકારી કોલેજો અને અનુદાનિત કોલેજોના કુલ ૧૪,૭૭૭ વિદ્યાર્થીઓને અભ્યાસ પૂર્ણ કર્યા બાદ રોજગારી પ્રાપ્ત થશે.<br>• ઉદીશા પ્લેસમેન્ટ સેલ હેઠળ કોલેજો દ્વારા કરવામાં આવતી વિવિધ |

| | |
|---|---|
| | પ્રવૃત્તિઓ:<br>✓ કરિયર કાઉન્સેલિંગ<br>✓ જીપીએસસી વર્ગ I અને II માટેનું લક્ષ્ય<br>✓ સરકારી ક્ષેત્રની સ્પર્ધાત્મક પરીક્ષા કેવી રીતે તોડવી<br>✓ સિવિલ સર્વિસીસ ઓરિએન્ટેશન પ્રોગ્રામ<br>✓ વ્યવસાયિક અભ્યાસક્રમોમાં કૌશલ્યનું મહત્વ<br>✓ 'સોફ્ટ સ્કીલ' ડેવલોપમેન્ટ તાલીમ.<br>✓ કેમ્પસ પ્લેસમેન્ટ |
| સંધાન (All Gujarat Integrated Classroom): | • "જ્ઞાનનું જ્યાં આદાન પ્રદાન એજ સંધાન" .સંધાન કાર્યક્રમની શરૂઆત વર્ષ ૨૦૦૯ દરમિયાન કરવામાં આવેલ છે. સંધાન કાર્યક્રમ કેસીજી કચેરી અને ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી હેઠળ કાર્ય કરે છે.<br>• સંધાનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ સુધી ઉચ્ચ શિક્ષણના વિષયને (કોમર્સ, આર્ટસ અને સાયન્સ) તેમજ આમંત્રિત વિદ્વાનોના વ્યાખ્યાનો BISAG સ્ટુડિયો દ્વારા પ્રસારિત કરવામાં આવે છે જેનો લાભ વિદ્યાર્થીઓ અને શિક્ષકો કોલેજોમાં બેસીને લાભ લઈ શકે છે.<br>• રાજ્યની તમામ સરકારી તથા અનુદાનિત કોલેજોને કેસીજી મારફત Inflibnet દ્વારા N-listનું દર વર્ષે Subscription આપવામાં આવે છે.<br>• દર વર્ષે આશરે ૨૧૯૦ જેટલા લેક્ચર્સ BISAG, ગાંધીનગર મારફત ટેલીકાસ્ટ કરવામાં આવે છે. |
| રિસર્ચ અને ઇનોવેશન | • રિસર્ચ વર્કશોપનો ઉદ્દેશ વિવિધ ફેકલ્ટી અને રિસર્ચ સ્કોલર્સને સંશોધન, રિસર્ચ પધ્ધતિ અને રિસર્ચ ડોક્યુમેન્ટસ તથા તાજેતરના પ્રવાહોથી વાકેફ કરવાનો છે.<br>• સંશોધન દરખાસ્ત તૈયાર કરવા માટે શિક્ષકોને પ્રેરણા પૂરી પાડવી. માર્ગદર્શક અને સહભાગી શિક્ષકોનું એક સમુદાય આધારિત જોડાણનું સર્જન કરવું.<br>• વિવિધ વિષયોમાં ૫૪૨૫ પ્રતિયોગીઓને આવરી લેતા કુલ ૩૭ એક સપ્તાહના ટૂંકા ગાળાના રીસર્ચ મેથોડોલોજી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાત વ્યક્તિઓ દ્વારા વિશેષજ્ઞોની મદદથી ૨૦૧૦ જેટલા તૈયાર કરવામાં આવ્યા હતા. |

| | |
|---|---|
| ઈ-જર્નલ | • કેસીજી દ્વારા રાજ્યની યુનિવર્સીટીઓના ભવનો તેમજ કોલેજોના પ્રતિભાશાળી શિક્ષણશાસ્ત્રીઓને ઇન્ટરનેટના માધ્યમ દ્વારા સંશોધનમાં પ્રોત્સાહન આપવા, વર્ષ ૨૦૧૧-૧૨ થી ઈ-જર્નલની સ્થાપના કરવામાં આવી.<br>• આ માટે વિવિધ વિષયોમાં સંશોધન કરતા શિક્ષણશાસ્ત્રીઓ પાસે સંશોધન પેપર્સ ઇમેઇલ દ્વારા આમંત્રિત કરવામાં આવે છે.<br>• કેસીજી દ્વારા ઇ-જર્નલ વેબસાઇટ પર આજ સુધી વિવિધ વિષયોના લગભગ ૨૦૧૨ થી વધુ સંશોધન લેખ પ્રકાશિત કરવામાં આવેલ છે.<br>• ઉક્ત રીસર્ચ પેપર પ્લેગરીઝમ ચેક કરીને પ્રકાશિત થયેલ છે.<br>1) જર્નલ ઓફ હ્યુમીનીટી :- ISSN:૨૨૭૯-0233 -૫૬૦<br>2) જર્નલ ઓફ કોમર્સ મેનેજમેન્ટ :- ISSN:૨૨૭૯-0૨૫X -૨૩૫<br>3) જર્નલ ઓફ સાયન્સ :- ISSN:૨૩૨૦-000૬ -૧૧૪<br>4) જર્નલ ઓફ એજ્યુકેશન :- ISSN:૨૩૨0-00૧૪ -૨૫૨<br>5) જર્નલ ઓફ સોશિયલ સાયન્સ :- ISSN:૨૨૭૯-0૨૪૧ -૪૭૫<br>6) જર્નલ ઓફ મલ્ટી-ડીસીપ્લીનરી :-ISSN:૨૨૭૯-0૨૬૮ -3૭૬ |
| ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ | • ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમ અધ્યાપકોની વિદ્યાર્થીઓ તરફ બદલાતી ભૂમિકા અને સુયોજિત દિશા નક્કી કરવા માટે ખાસ મહત્વ ધરાવે છે.<br>• ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમ અધ્યાપકશ્રીઓને તેમના પસંદ કરેલા વ્યવસાયનું મહત્વ સમજાવીને તેમના આત્મવિશ્વાસમાં વૃદ્ધિ કરે છે.<br>• કે.એમ.પી.એફ. હેઠળ પ્રિન્સિપાલ તથા ફેકલ્ટી સભ્યોને કેસીજી કચેરી ખાતે તાલીમ આપવામાં આવે છે.<br>• શૈક્ષણિક વર્ષ ૨૦૧૩-૧૪ થી વર્ષ ૨૦૨૦-૨૧ સુધીમાં કુલ ૬૦ ફેકલ્ટી ડેવલોપમેન્ટ પ્રોગ્રામ (ઓફલાઈન તથા ઓનલાઈન) કરવામાં આવેલ છે. જેમાં ૩૭૧૩ અધ્યાપકોએ ભાગ લીધેલ છે.<br>• રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાના વિવિધ નિષ્ણાતોને કેસીજી ખાતે યોજાતા જનરલ/વિષયવાર ફેકલ્ટી ડેવલપમેન્ટ કાર્યક્રમમાં આમંત્રિત કરવામાં આવેલ છે. |
| સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન પોલીસી | • માન. વડાપ્રધાનના 'સ્ટાર્ટ અપ ઈન્ડિયા' મિશન તરફ કામ કરવામાં ગુજરાત મોખરે રહ્યું છે. તેના નવતર સંશોધનકારો અને ઉદ્યોગ |

સાહસિકોને સશક્તિકરણ અને પ્રોત્સાહિત કરવા માટે શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારે, વર્ષ ૨૦૧૭માં શરૂ કરેલી તેની 'આઇકોનિક "સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ અને 'ઇનોવેશન પોલિસી (SSIP)'ની રચનાનું સફળતાપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું છે.

- ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન હબ (I-HUB) ની કેસીજી ખાતે સ્થાપના કરેલ છે. SSIP Saksham, SSIP Prashansa, SSIP Samajh જેવા નવા પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યા.
- ઉચ્ચ અને તકનીકી શિક્ષણ વિભાગ દ્વારા "સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ અને ઇનોવેશન પોલિસી" (SSIP) શરૂઆતના વિચારના તબક્કે વિદ્યાર્થી, સંશોધનકારો અને સ્ટાર્ટ-અપ્સને ટેકો આપવા માટે નાણાંકીય અનુદાન આપે છે.
- આ પોલીસી અંતર્ગત વિદ્યાર્થીઓ વેકેશન દરમ્યાન પોતાની સર્જન શક્તિને વેગ આપવા ગુજરાત સરકાર દ્વારા જુદી જુદી આઠ કેટેગરીમાં ઇનોવેશન માટે સમર ચેલેન્જ પ્રતિયોગિતા જાહેર કરેલ છે.
- સંસ્થાઓને વિદ્યાર્થી માટે ઇન્ક્યુબેશન સેન્ટર, પેટન્ટ ફાઈલિંગ, મેન્ટરીંગ, ઈવેન્ટ્સ એક્ટીવીટીઝ, કોન્ફરન્સીસ વગેરે જેવી પ્રવૃત્તિઓ માટે ગ્રાન્ટ મળવાપાત્ર છે.
- ગુજરાત એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં શિક્ષણ વિભાગ SSIP દ્વારા યુનિવર્સિટીઓમાં પેટન્ટ ફાઇલિંગ અને સમાન પ્રવૃતિઓને ટેકો આપવા Intellectual Property Rights (IPR) નીતિ ધરાવે છે.
- ગુજરાત એકમાત્ર એવું રાજ્ય છે જેનું શિક્ષણ વિભાગ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ થી મોટા પાયે હેકાથોન્સ અને ઓપન ઇનોવેશનના પ્રયત્નો યુવાનોને શિક્ષિત કરવા અને કુશળતા માટે ચલાવે છે. ગુજરાતમાં વિદ્યાર્થી સંશોધનકારોને ભારતમાં પેટન્ટ ફાઇલ કરવા માટે રૂ.૨૫,૦૦૦. અને વિદેશમાં પેટન્ટ ફાઇલ કરવા માટે રૂ.૧,૦૦,૦૦૦ આપવામાં આવે છે. દર વર્ષે ૧૦૦૦ ટીમોને સહાય કરવા માટે જોગવાઈ કરવામાં આવેલ છે. યુનિવર્સિટીઓ અને કોલેજોમાં મૌલિક સંશોધનો અને પ્રિ-સ્ટાર્ટઅપ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે "સ્ટુડન્ટ ઈનોવેશન ફંડ" ઊભું કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| | • વિદ્યાર્થીઓને લોકડાઉનની પરિસ્થિતિમાં પણ સ્ટાર્ટઅપ અને ઇનોવેશન માટે જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન મળી રહે તે માટે i-Hub મારફત વિવિધ વેબિનાર સીરીઝ શરૂ કરી ૯૦ જેટલા વેબિનારનું આયોજન કરવામાં આવેલ હતું.<br>• રાજ્યમાં નવીનતા કેન્દ્રિત વાતાવરણ બનાવવા પ્રત્યેના ગુજરાત સરકારના સતત પ્રયત્નોને સ્વીકારતાં, ગુજરાત સરકારને વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય, સ્ટેટ સ્ટાર્ટઅપ રેન્કિંગ ૨૦૧૮ના શ્રેષ્ઠ પર્ફોર્મર તરીકે સન્માનિત કરાઈ છે, જેમાં SSIP અંતર્ગત કરવામાં આવેલ હસ્તક્ષેપોને વિશેષ સ્વીકારવામાં આવ્યા હતા.<br>• નાની, મધ્યમ અને મોટાં કદની કંપનીઓની સ્થાપનાને પ્રોત્સાહન આપવા માટે અનેક નીતિઓ ઘડવામાં આવી છે. પરિણામે ગુજરાતની યુનિવર્સિટીઓમાંથી ગ્રેજ્યુએટ થતા અનેક વિદ્યાર્થીઓ હવે સ્ટાર્ટ-અપનો માર્ગ અપનાવે છે. ધ સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઇનોવેશન પોલિસી ગુજરાતમાં ઉભરી રહેલા સ્ટાર્ટ-અપ્સને સહયોગ પૂરો પાડે છે અને તેના દ્વારા રાજ્યના એન્ટરપ્રેન્યોરલ સ્પિરિટને પ્રોત્સાહન આપે છે. ગુજરાતના વિદ્યાર્થીઓએ નોંધપાત્ર એન્ટરપ્રેન્યોરલ ડ્રાઇવ પ્રદર્શિત કરી છે, જે ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના સહકારથી સ્થાપિત થયેલા અનેક સ્ટાર્ટ-અપ્સમાં અથવા અમદાવાદમાં સ્થિત ૧૫ ઇન્ક્યુબેશન સેન્ટરમાં પ્રતિબિંબિત થાય છે. |
| સ્કોપ (Society for Creation of Opportunities through Proficiency in English (અમલીકરણ ફેબ્રુઆરી ૨૦૦૭) | • સ્કોપનો હેતુ ગુજરાતના યુવાન/યુવતીઓમાં અંગ્રેજી ભાષા પરનું પ્રભુત્વ વધે અને તેના થકી રોજગારીની વધુ ઉજ્જ્વળ તકો પ્રાપ્ત થાય તેવો છે.<br>• આ યોજના અંતર્ગત ફેબ્રુઆરી-૨૦૦૭ થી ફેબ્રુઆરી-૨૦૨૦ સુધીમાં ૬,૦૭,૮૨૦ વિધાર્થીઓ નોંધાયેલ છે.<br>• હાલ સ્કોપ હેઠળ ૫૧૩ કોલેજો અને સંસ્થાઓ સંકળાયેલ છે.<br>• કેમ્બ્રીજ યુનિવર્સીટી અને સ્કોપ વચ્ચે Linguaskill નામની પરીક્ષાના કરારની પ્રક્રિયા હાલમાં કાર્યરત છે. Linguaskill પરીક્ષા દુનિયાની વિવિધ ૧૮૪ કરતા વધારે યુનિવર્સીટીઓમાં માન્ય છે. |
| UNLIMITED DIGITAL | • રાજ્યની સરકારી અને બિનસરકારી અનુદાનિત ઉચ્ચ અને ટેકનીકલ |

| | |
|---|---|
| ADVANCED YEARLONG ACADEMIC METHOD OF LEARNING (UDAYAM)<br>Common Gateway of Education and Technology (COGENT) | શિક્ષણની કોલેજો ખાતે એકસરખા માધ્યમથી ઓનલાઈન શૈક્ષણિક કાર્ય થઇ શકે અને એકસૂત્રતા જળવાય તે માટેની વ્યવસ્થા ઉભી કરવા "ઉદયમ" પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવેલ છે.<br>• લોકડાઉન લાગુ થયા બાદ સ્કૂલ અને કોલેજોના વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન વર્ગો શરૂ કરવામાં આવેલ છે. યુનિવર્સિટીઓ અને કોલેજો દ્વારા વિદ્યાર્થીઓને ટેકનોલોજીના માધ્યમથી ઓનલાઈન શૈક્ષણિક સામગ્રી પહોંચાડવાની સુવિધા ઉભી કરવામાં આવેલ છે.<br>• શિક્ષણ વિભાગ હસ્તકની કચેરીઓ/ સંસ્થાઓ/ સોસાયટીઓ ખાતે કાર્ય કરતા અધિકારીઓ અને સરકારી યુનિવર્સિટીઓ, સરકારી અને અનુદાનિત કોલેજો, ગ્રામવિદ્યાપિઠો ખાતે કાર્ય કરતા આચાર્ય, અધ્યાપકો તથા અન્ય સ્ટાફ અંગેની વિગતો સહેલાઇથી મળી રહે તે માટે "Common Gateway of Education and Technology (COGENT)" પોર્ટલનું પ્લેટફોર્મ ડેવલપ કરવામાં આવેલ છે. UDAYAM - COGENT ડેશબોર્ડ પર તમામ પ્રકારની યુનિવર્સિટીઓને ઓનબોર્ડ કરવામાં આવેલ છે.<br>• UDAYAM - COGENT પ્લેટફોર્મ પર સંગ્રહિત તમામ ડીજીટલ ડેટાના સંરક્ષિત બેકઅપ માટે ત્રણ લેયરમાં બેકઅપ વિચારાયેલ છે, જે અંતર્ગત ત્રણ લેયરમાં ડેટાને સાચવવા માટે નીચે મુજબ ઈન્ફ્રાસ્ટ્રક્ચર નક્કી કરવામાં આવેલ છે.<br>1) લોકલ સર્વર પર સંગ્રહ<br>2) 3 કલાકના અંતરાલ બાદ આર્કાઈવ સર્વર પર બેકઅપ<br>3) કલાઉડ સર્વર પર બેકઅપ<br>• UDAYAM - COGENT અંતર્ગત મોડ્યુલ્સ<br>✓ Single Sign on<br>✓ HRMS<br>✓ Knowledge Management<br>✓ Student SSO + Online Fees Payment<br>✓ Training Management System<br>✓ Finishing School |

| | |
|---|---|
| | ✓ SCOPE<br>✓ SSIP<br>✓ Grant Management System<br>• સમગ્ર રાજ્યમાંથી કોજન્ટ પોર્ટલ પર 1756 સંસ્થાઓ અને 16557 ટીચિંગ અને નોન-ટીચિંગ સ્ટાફ નોંધાયેલા છે. તેઓ દ્વારા પોર્ટલ પર 95% પ્રોફાઇલ, શિક્ષણની માહિતી, સર્વિસ હિસ્ટ્રી તથા પરીક્ષાની વિગતો ભરવામાં આવેલ છે.<br>• સમગ્ર ગુજરાતમાં ઓનલાઇન ટીચિંગ અને લર્નિંગ માટે 500થી વધુ સંસ્થાઓ માંથી લગભગ 12,00,000 ફેકલ્ટી અને વિદ્યાર્થીઓને Udayam MS Teams License ઇશ્યુ કરેલ છે.<br>• Student SSO + Online Fees Payment અંતર્ગત કુલ ૭૧,૭૪૯ વિદ્યાર્થીઓ માન્ય કરવામાં આવેલ છે. જેમાંથી વિવિધ કોલેજો માંથી કુલ ૬૮,૫૯૦ વિદ્યાર્થીઓ દ્વારા ફી ભરવામાં આવેલ છે. |

તા.૨૯/૦૬/૨૦૨૧

પ્રો. એ. યુ. પટેલ

એડવાઇઝર, કેસીજી

પૂર્વ કુલપતિશ્રી

ગુજરાત યુનિવર્સીટી